દ્રષ્ટાંવાતિ પરીજાતની વાર્તા.

પ્રથમ ભાગ.

શ્રી નવિન તદન્ નવિન.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

ખખાશીયા. મગનભાઈ બેચરલાલ.

ઠે. કાળુપુર—સોદાગરની પોળ.

અમદાવાદ.

શ્રી રામકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરીવલ્લભદાસે
છાપ્યું ઠે. કાળુપુર ટંકશાળની પોળ—અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત. ૧૦૦૦

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

કીમ્મત રૂ. ૦-૪-૦

દ્રષ્ટાંતિની વાર્તા
પ્રથમ ભાગ.

શ્રી નવિન, તદન નવિન.

શ્રી ગણેશાયે નમઃ શ્રી સારદાએ નમઃ શ્રી રતગુરૂએ નમઃ પુરવ છાયા પ્રથમ નમુ ગણેશ દેવને સારદાને લાગુ પાય; અવિચળ વાંણીમા આંપશો, મારી જીભ્યા એ જશ થાય: ।૧। અષ્ટ ભૈરવ તુજને નમું, નમું જુગત અંબાય; સૌ કવિને કરૂ વિનંતી, પંડિતને લાગુંપાય; ।૨। જીભલડીએ વસ્મા સારદા, આપશો તમેજ બુદ્ધ; સાચુ જુઠું લેતો નથી, વાંણી આપશો સુદ્ધાં; ।૩। સઊજનને હું વીનવું, મને કોઇના દેશો ખોડ, તમદાસ તણો હું દાસ છું, નમું બંને કરજોડ; ।૪। ત્રિદશ દેવ પ્રમુ તુને, કરશો તમે કરપાય; જો ઇષ્ટ દેવ કરૂણા કરે, આ ગ્રંથ ચાલતો થાય; ।૫।

પ્રથમ ભાગ હદથી વાર્તા ચાલુ.

ચોપાઇ નં. ૧. લો.

પશ્ચીમ દેશ પોશીતરૂ ગામ ત્યાં સઊ મુખે કહે રામ રામ; અરબી સાગળ કાંઠે ગામ, વજેશીંગ રાજાનું નામ; (૧) વરણુ

અઢારે વાસો રહે, સોભા સ્વર્ગ સરખી વડે; વાઘેલા રજપુતનું રાજ, કરે અણુ ધાર્યા સઘળા કાજ; ।૨। રામ જેવું કરે રાયરાજ, અસત્ય ન્યાય અંતૃથી તાજ; કેફી ચાડીયા હરામખોર, તે ગામમાં નહીં ચોર; ।૩। કપટ કોઇના મનમાં નહીં ચડે, ભુત પ્રેત દ્રષ્ટે નહીં પડે; સંભુ શીંગારજીરનું નામ, પ્રભાવતિ રાણીનું નામ; ।૪। તે રાજાને ઘણું સુખ, પુત્ર નહીં એ મોટું દુખ; હોમ યત્ન કીધાં અતિ ઘણાં, દાન કીધાં રાજાએ ઘણા; ।૫। ઘણા ઉપાય કીધા સહી, પુત્ર ફળ તો પામે નહીં; પુછું જોશીને રાજન, કેમ પુત્ર થાએ ઉત્પન્ન; ।૬। પછી પંતિ બોલ્યા વાણ, જોઇ શાસ્ત્ર વેદ પુરાણ; પંડિત કહે પિંડ તારક જાવ, તમો રાજા તે ઠામે જાવ; ।૭। દરીયા કાંઠે પિંડ તારક દેવ, કરો રાજા જઇને સેવ; વાંઝીયામેણું દુખ ટાળશે, ગુણવંતો પુત્ર આપશે; ।૮। કદાચ કરવું હોએ કામ, જાવો નરપત તે છે ઠામ; રાજા તમને કહું કથી, તે દેવ તો છેટે નથી; ।૯। તમો સુણો જોશી વચન, સદા ચીંતા મારેરે મન; માટે લાગું તમને પાય, તમો મુજને કહો મહીંમાંય; ।૧૦। પંડિત કહે સુણને ભુપ, પુત્ર થાશે સુંદર સ્વરૂપ; કહું સતવાંણી સુણરાય, સરાદ્ધ કરન જઇને ત્યાંય; ।૧૧। તિરથ શોભી પાવત્ર ઠામ, દરીયા તિરે છે મુકામ; રાય કહે કરૂં જઇ સેવ, કયાં આવ્યા કહોને દેવ; ।૧૨।

પુરવ છાયા નં. ૨ જો

પીંડ તારક કયાં આવ્યા, કોણ મુલકને કોણ ગામ; કહોને

સાચુ બ્રાહ્મણા, જઇએ કયે ગામ; ।૧। પંડીત કહે નરપત સુણો, દ્વારકા તીરથ જાવ; ત્યાંથી દશકોશ ચાલીને, પિંડ તારક જાવ; ।૨। નહીં તો બેસો વાહણુમાં, દરીયાની હવા ખાવ; પિંડતારે રળીઆંમણો સરાધ કરવા જાવ; ।૩। કરજો પીંડ-શાળી બાજનાં તરે કુંડની માંય; પીત્રી દેવ પ્રન્ન થશે, તમને પુત્ર થાય; ।૪। એમ કહી જોશી ગયો, ઘેર થયો વીદાય; ત્યાર પ-છીની વારતા, કહું તેનો મહીંમાંય; ।૫। સગાસબંધને કાહાવિયું, સરવે ભેગા થાય; પીંડતારકની જાતરા, સરાધ કરવા જાય, ।૬। સરવે બેઠાં વાહાણુમા, ઘણો આનંદ મન થાય; જાણે દીવાળી દિવસ છે, સરાદ્ધ કરવા જાય; ।૭। દરીયામાં વાહાણુ ચાલીયું, આવ્યું ઉંડું નીર; રાય કહે છે સઉને, ધીરજ રાખજો ધીર; ।૮। પીંડતારક આવીયો, ઉતર્યા તારકને તીર; ગંગા જલ રળીઆંમણું, નાહ્યા નરમળ નીર; ।૯। કર્યા પીંઠ ઘણા પ્રેમથી, તાર્યા એ તારકેશ્વાર; વિપ્ર જમાડયા અતિ ઘણાં, ત્યાં આનંદ મન અપાર; ।૧૦। દાત પુન કીધા ઘણાં, શીવને લાગ્યા પાય; ચુવાચંદન અતી ઘણાં, પુજ્યા સંકર રાય, (૧૧) પીત્રી દેવ પ્રસન્ન થયા, તું કો કહું વીસતાર; જો વીસતારૂ વારતા. નહીં આવ કાઇ પાર; ।૧૨। (૨૪)

ચોપાઇ નં. ૩ જો.

આવ્યા રાજાના પીત્રા દેવ, તમે કીધી હમારી સેવ, તમે દાન કીધાં આઠાર, પીંડ તારકની મોઝાર; ।૧। દુખરાય તમારા જશે, તમને રાજા ;પુત્ર એક થશે, વીક્રમ જેવા થાશે ભુપ,

રવિ જેવું થાશે સ્વરૂપ; ।૨। હમણા રાજા થાશે સુખ, પછી તમને થાશે દુઃખ; થોડા વરસ રહેશે દુઃખ, પછી તમને થાશે સુખ, ।૩। એમ કહીને પીત્રો ગયા, અતૃરધ્યાંન અલોપ થયા; રાય કહે મુજને છે સુખ, હવે નથી મને કાંઇ દુખ; ।૪। વાંઝીયા મેણું મારૂં ગયું, દુખ નહીં પણ સુખજ થયું; પ્રભુ ધાર્યું સર્વે થાય, વળી કીશમતનો મહીંમાંય; ।૫। સરાદ્ધ કરી રાય આવ્યો ઘેર, કીધી પીંડતારકે મેહેર; પીંડતારક જે કોઇ જાય, પીત્રો તેના સુખી ત્યાં થાય; ।૬। ગયા થકી અધીક જાણ, તેના શાસ્ત્ર કરે વખાણ; પીંડતારક સોભાશાર, શીદ કહું તેના વીસતાર; ।૭। રાજા ઘેર આવ્યો જેટલે, સહુ ખુશી થયાં તેટલે; પ્રભાવતિ રાજાની નાર વારૂ કહું તેનો વીસતાર; ।૮। રાણીએ આપ્યું આદરમાન, રાયે આપ્યું રતુ દાન, ત્રીને સોળમો દિવસ સાર, ગર્ભ રહ્યો ઉદર મોજાર; ।૯। નવ માસ થયા જાણ, પુત્ર જનમ્યો જાણે ભાણ; નરનારીને આનંદ થાય, શાકર વહેંચી ગામની માંય; ।૧૦। ચંદ્ર જેવું પુત્રનું રૂપ, જાણે વીક્રમ જેવો ભુપ; જન્મોત્રી જોશીએ કરી, ગૃહ દશાની ગણત કરી; ।। જોશી કહે સુણજો ભુપ, થાશે પુત્રનું સુંદરરૂપ; જોશો તમો પુત્રનુ મુખ, રાજા તુજને થાશે દુઃખ; ।૧૨। (૩૬)

પુરવ છાયા નં. ૪ થો.

જોશી કહે રાજા સુણો, જોશો નહી પુત્રનું મુખ; વ્યાધી થાશે અંગમા એવું જ પામસો દુખ; ।૧। લખ્યા લખને કારણે,

એવા રાયજી જોગ; દ્રષ્ટી પરે મુખ પરે. થાએ જલંધર રોગ. ।૨। માટે કહુછું રાયજી, દેખશો નહીં મુખ. નીચે રાજા જાણુશો. દેહમાં થાશે દુખ. ।૩। પેટરાય મોટું થશે, ચરણે કેમ ચલાય; દવાથી મટે નહીં, ગતી ભુડી રાય થાય; ।૪। એમ કહી જોશી ગયો, ઘેર થયો વીદાય; યાકુળવ્યાકુળ રાય થયો, ત્યાર પછી શું થાય; ।૫। જોશીનું વેણુ સાંભળી, મુખજ ઉદાસ થાય. પ્રભુ મારા આ શું થયું, હવે પેરશી થાય; ।૬। રાજા કહે વજીર સુણો, કહો શી કરવી પેર, કહો તો આપઘાતજ કરૂં, કહો તે પીવું હું ઝેર; ।૭। કહો તો મારૂ એ પુત્રને, એનો આણું હું કાળ, દુષ્ટ પુત્ર નીપજયો. જાણે સુત ચંડાળ; ।૮। વજીર કહે રાજા સુણો, કહું તે કરો એક કામ. ચીંતા શાય કરશો નહીં. સદા રહો આ ઠામ. ।૯। મોહોલ બંધાવો રાયજી, જંગલની મોજાર. ત્યાં મુકો એ પુત્રને, જરા ના કરસો વાર; ।૧૦। ચોકી મુકો શીરોઈ ભરી, પુત્ર ના નેકળે બાર; પછી સદા આનંદ કરો. ચીંતા તજો આ વાર. ।૧૧। રાજાએ હુકમ કર્યો. રાયને શેની વાર; માહાવનમાં મોહોલ થયો. તેનો સુણો વીસતાર. ।૧૨। (૪૮)

ચોપાઈ નં. ૫ મો.

બાર કોશપર બંધાવ્યો મોહોલ, રમણી સોભા નહીં એનો તોલ; સેવક સભામાં આવીઆ, સમાચાર મોહોલના લાવીઆ. ।૧। રાય કહે વનમાં થયું ઘેર, કહો વજીર શી કરવી પેર. પુત્ર સંગ સ્ત્રી મારી જાય, મોહોલ મારો સુનો થાય. ।૨।

કહો મુજને કથી, અક્કલ મારી વધતી નથી; આ વનાના જીવે બાળા, એનો કે મારો થાએ કાળ. ૧૩। માટે વજીર કહોને મુને, બુદ્ધવંતો હું જાણું તુને. વજીર કહે સુણો ભુપ, એ કુવરનું સુંદરરૂપ. ૧૪। તમને દુખ આવ્યું જાણ, જાણે તજુ પુત્રના પ્રાણ; જેહેથી દુખ થાએ સહી, દેહેથી વાહાલું કોઈ નહીં. ૧૫। સુણી વજીનું વચન, રાજા ઘણું કરે રે રૂદન; વજીર કહે હીંમત હું ધરૂં, ડરીશ નહીં હું ઉપાય કરૂં. ૧૬। આપણે ધાવણ રાખી જેહે, લઇ જાશે પુત્રને તેહે; રાજા લોકની એવી રીત. મનમાં તો ધરજો ખચીત. ૧૭। પુત્ર વારી નારી એક, પગાર આપી રાય રાખે એક, તેને સઘળા ધાવણ કહે, દુધ ધવરાવવા એ રહે. ૧૮। પુત્રની માતા પણ સાર. તે પણ ધવરાવે રાજ કુમાર. અદલબદલ ધવરાવે કુમાર. રાજ રીતણો વહેવાર. ૧૯। સુતને માયા ધાવણની થાય, એ પણ માતા તુલે કહેવાય. નીત્યે રમાડે રાજકુમાર. પ્રેમ ધાત્રણ ઉપર અપાર. ૧૧૦। એવો કાયદો રાજન લોક. નહીં હોય કદી રાય કોક; રાયે તેડી ધાવણ સાર. સઘળો તેને કહ્યો વીસતાર. ૧૧૧। ધાવણ કરજોડીને રહી. હું દાશી તમારીરે સહી. ધાવણ ગઇ પુત્રને લઇ, તે મેહોલમાં જઇને રઇ. ૧૧૨। (૬૦)

પુરવ છાયા નં. (૬)

બાર કોશપર મોહોલ છે, સોભા તેના અપાર. ત્યાં બગીચો સુંદર છે, ત્યાં સરોવર એક સાર. ૧। ધાવણ રમાડે પુત્રને, ન્હાી ધવરાવે કાય. આનંદથી ઉછેરથી, પુત્ર મોટો ત્યાં થાય.

।૨। ઘણા દિવસ તો થઇ ગયા, શીદ કહું વીસતાર. પુત્ર ત્યાં મોટો થયો. વરસ જાતાં નહીં વાર. ।૩। બાર વરસ ત્યાં થઇ ગયા. જંગલની મોજાર. લખ્યા લેખ મટે નહીં. સુણો સજન આ વાર. ।૪। એ વાત રઇ એટલે, ગામમાં પેરશી થાય. સભા ભરી રાય બેશીયો. કહું તેનો મહીંમાંય. ।૫। શારદુલ આવ્યો એક ગામમાં, મનુષ્ય માર્યા બે ચાર. માજન શેઠ એકઠા થઇ અવ્યા રાજ દરબાર, ।૬। ફરીયાદ હમારી રાયજી. વીસતારી કહી વાત; કે કહેતા તમારીયો, કીધી શારદુલે ઘાત. ।૭। તે સુણી રાય ઉઠીયો. લઇ તીર કામઠું ને બાણુ. શારદુલ હણું હું એકલો, પળમાં લઉં હું પ્રાણુ. ।૮। રાજા કેડે સહુ ઉજન ગયા. લઈ વર્જ્જડ શેઆને બાણુ. રાજા ચાલ્યો એકલો, કદીને જાએ પ્રાણુ. ।૯। રાય કહે શીદ આવીઆ. તમો પાછા જાવો સઉ ગામ. શારદુલ મારૂ હું એકલો, નથી તમારૂં કામ. ।૧૦। રાયે હુકમ એવો કર્યો. સઉ પાછા આવ્યા ઘેર, રાજા સીંહ કેડે ગયો તેની શી થઈ પેર; ।૧૧। શારદુલ આગળ નાશીયો, પુથે રાય તો ખાર. બાર કોશ તો નાશીયો. માહા વન મોજાર. ।૧૨। (૭૨)

ચોપાઇ નં. (૭)

ઘણા જન દેખીને જાણુ સિંહ નાસ્યો મુજ લેશે પ્રાણુ. વાઘેલા રજપુતની જાત, ઘણી ટેકી છે તે જાત; ।૧। શારદુલ દોઢયો મેલી દોટ. પુથે મુકી તુરીએ દોટ; ઘોડો દોડાવ્યો સિંહની પુથ. રાજા ચાલ્યો શારદુલની પુથ. ।૨। બાર કોશ

તો આવ્યા જાણ. લીધા રાયે સિંહના પ્રાણ. રાજા પાછો વળ્યો જેટલે રવિ અષ્ટે થયો તેટલે ।૩। અંધકાર થયો તે ઠાર. ભુલ્યો રાય રસ્તો તે વાર. રસ્તો રાયને નહીં જડયો. કંથેરના વનમાં પડયો. ।૪। ઘણા કાંતા ભાંગે પાય. શબ્દ તો બિહામણા થાય. અંગ સરવ ઉઝાઇ ગયું. ઘણું દુખ રાજાને થયું. ।૫। રાય કરે મુખે પોકાર. કરો કરૂણા તમો કીરતાર; રાજાને ના રહી ધીર. નયણે તો ચાલ્યા નીર; ।૬। તુરી રાયનો પામ્યો મરણ, દુખી થઈ રાય પડયો ધરણ. એથી પામ્યો રાજા દુખ; ઉદાસ થયું રાજાનું મુખ. ।૭। સર્વે રાત વનમાં ગઇ, બે ઘટીકા રાતજ રઇ, રાહા મારગ સુજે નહીં. રાય કહે ક્યાં જાવું સહી. ।૮। ભમતો નીશર્યો વનથી બાર આવ્યો બીજા વન મોઝાર. રાયે દીઠો વનમાં મેહેલ તે આગળ સ્વર્ગ સહેલ. ।૯। રાયે બંધાવ્યો વનમાં જે હે, એજ મોહોલ અહીં છે તેહે. ધાવણ સંગે રહે પુત, અહીં રહે રાજાનો સુત. ।૧૦। રાયે નથી દીઠો મોહોલ, માહીં પુત્ર કરે કલોલ; મોહોલ પાસ સરોવર એક સુણો કહું તેનો વીવેક. ।૧૧। રાજા બેઠાં સરોવર તિર, વળતી પીધુ જઇને નીર; એ વાત અહીંથી રહી. તે મેહોલમાં શોપેરથહી. ।૧૨। (૮૪)

ચોપાઈ.

રાજા બેઠો સરોવરતીર શાંત્ય તો થયું શરીર. સરોવર સામે છે મહેલ, જાણે દીશે સ્વર્ગથી સહેલ. ।૧। ત્યાં રક્ષા સીપાઇઓ કરે, સઘળા મોહોલની તપાસ કરે; બાર વરસ ગયા છે વહી.

માયા શીપાઇ સંગાતે થહી. ।૨। આંણુ વજેશીંગની ફરે ખુલ્લી શીરોએ રક્ષા કરે; એ વાત એટલેથી રઈ; તે મોહલમાં શીપેર થઇ. ।૩।

પુરવછાયા, નં. (૮)

તે મોહલમાં પુત્ર છે, આ રાજાનો બાળ; હવા ખાવાને પુત્ર ત્યાં, આવ્યો સરોવર પાળ. ।૧। માયા થઇ છે પુત્રને, સીપાઇઓની સંગાત; એથી કોઇ એ કીધું નહીં, સુણજો શાચી વાત. ।૨। લખ્યા લેખ મટે નહીં, વીપ્રાંત થાએ બુદ્ધ; ચતુર હોએ અતી ઘણો, પણ જરા રહે નહીં શુદ્ધ. ।૩। પુત્રે દીઠો રાયને, રાયે દીઠો સુત બાળ; લખ્યા લેખ ભેગા થયા, જુવો સરોવર પાળ. ।૪। દ્રષ્ટે દ્રષ્ટ બેઉની મળી, આવી મળ્યો જોગ; નજર ભળી નીહાળીયું, થયો જલંધર રોગ. ।૫। પેટ મોટુ થયું રાયનું, શાસ્ત્ર ખોટા કેમ થાય; વેહ નાવ વસમી થઈ; દુઃખ પામે છે કાય. ।૬।

છપ્પો નં. ૧ લો.

આપે દાન કરે વૃત, માનશીક પુજા કરે;
સેવે ભૈરવ દેવ, પુજન દેવીનું કરે. ૧
કુચને ચંદ્રાયણ, એવા જો વૃતજ કરે;
પેશે જો પાતાળ, ક્રીયાઓ ઉણીજ કરે. ૨
કાશી જઇ કરવત લહે, હીમે હાડ ગાળે કથી;
પણ લખ્યા લેખ ભવિષના, તે કાંઇ ટળતા નથી. ૩

પુરવ છાયા.

રાયે વીચાર્યું મનમાં, જાણું થાશે મુજ કાળ; જરૂર મારો આ પુત્ર છે, શીદ આવ્યો સરોવર પાળ. ।૭। રૂદન કરે ત્યાં રાયજી, લોચનીએ નીરધાર, ગતી મારી આ શી થઇ; શીદ નીકળ્યો હું બાર. ।૮। પુત્ર વિચાર્યું મનમાં, મને ધાવણે કીધેલી છે વાત; જરૂર મારો તાત છે, યાદ આવી સઉ વાત. ।૯। ઉલ્હાસ થયો પુત્ર ત્યાં, બાહાદુરશીંગ છે નામ; અરે પ્રભુ આ કેમ થશે, ભુડું થયું આ કામ. ।૧૦। પુત્ર આવ્યો મોહલમાં, સુણુ ધાવણુ મુજ માત; અથી ઇથી સઘળી કહી, વીસતારી સઉ વાત. ।।૧૧। ધાવણે કહી વારતા, સર્વે શીપાઇઓને વાત; સર્વ પછી ભેગા થયા, શીપાઇ સેવકની જાત. ।૧૨। (૯૯)

ચોપાઇ. (૯)

સર્વે આવ્યા સરોવરતિર, રૂવે રાય ચોધારે નીર; અમે રાય તમારે નામ, જે કહો તે કરીએ કામ. ।૧। એમ વચન સેવકે કહ્યાં, કરજોડીને ઉભા રહ્યા; વાયુ ડોળે સેવક તે ઠાર, રાય મુખે કરે પોકાર. ।૨। રાય કહેશું કહું કથી, આ દુખે જંપાતું નથી; માટે ભાઇ કરોને પેર, જેમ જવાએ મુજથી ઘેર. ।૩। રાય કહે ચાલો સહુ ગામ, હવે અહીંયાં શું છે કામ; થવાનું એ થઇ ગયું, મારૂ ધાર્યું નહી રે થયું. ।૪। ત્યારે પુત્રે જોડયા હાથ, ધાર્યું થાએ વીશ્વનાથ; સુણો તમને કહું તાત, આપણ જઇએ સઉ સંગાત. ।૫। રાય કહે પેટ મોટું સહી, મુજથી ચલાશે નહીં; મારો કુરી પામ્યો મરણ, દુખી થઇ

પડયો હું ધરણુ. ।૬। માટે ડમણીયું આણે અહીં, એમ રા- જાએ વાણી કહી; સેવક ધસ્યો જંગલ મોહોલ, હતું ડમણીયું એ મોહોલ. ।૭। ડમણીઆંમાં જુગતી કરી, રાજા બેઠો ધીરજ ધરી; પુત્ર થયો અશ્વે અસ્વાર, ચાલ્યાં સઉ નગરમોઝાર. ।૮। ધાવણ બેશી રાજા પાસ, ચરણે ચાલે બીજા દાસ; સંજાવેળાએ આવ્યા ગામ; રાજા પધાર્યા મુકામ. ।૯। એક દુઃખને બીજુ હશું, રાય કહે કયાં જઇને વશું; કહો વીજીર શી કરવી પેર; કયારે કરશે પ્રભુ મેહેર. ।૧૦। ગઇ વિચારમાં સહુ રાત, શું થયું સુણો પ્રભાત; દુખી થયો વજીર હુંય, કેમ સભામાં બેશી શહુંય. ।૧૧। પછી વજીરે જુગતિ કરી, ચોઘણી તળાઇ કરી; વાતો મોટાની કોણ કરે, સઉ મનમાં વીચાર કરે. ।૧૨। (૧૧૧)

પુરવછાયા. નં. (૧૦)

જોગી એકજ આવીઓ, ફરી પ્રક્રમાં અપાર; રાય સભામાં આવીયો, સર્વે કર્યા જુહાર. ।૧। રાયે આસન આપીયું, બે- સાડયો દઇ માન; ચરણ ધોઇ ચરણાંમૃત લીધું, આપ્યા ફોફળ પાન. ।૨। રાજાએ કરજોડીયા, લાગ્યો જોગીને પાય; કરૂણાં કરો મુજ પરે, આ દુખજ મારૂં જાય, ।૩। ભલે આવ્યા જોગીજી; મારે મનછો દેવઃ આજ દિવસ સફળ થયો, કરૂં તમારી સેવઃ ।૪। કયા મુલકથી આવીઆ, ભમીપ્રદક્ષણા નીરધાર; વાત કહો કાંઇ તમો નવીન, સઘળો કહો વીસતાર. ।૫। સ્વપ્ને તો સુણી નહીં, સુણી નહીં વેદ પુરાણ; એવી કહોને વારતા, જોગી ચતુ- સુજાણ. ।૬। તમ વાંણી વળી સુણતાં, મારૂં દુખતો જાય,

લાભ થાએ મુજને, જલંધર રોગ જાય ા૭ા જોગી કહો રાજા સુણો, કહુ છું સતજ વાત; નહીં વેદ પુરાણમાં, નવિન કહું એક વાત. ા૮ા મુલક મુલકની બોલીઓ, મુલક મુલકના લોક; તે દેખતાં રાયજી, જરા ના થાએ શોક. ા૯ા મુલક જેણે દેખ્યા નહીં, જાણ્યો નહીં તીર્થ વીસતાર; શીદ આવ્યો પૃથ્વી વીશે, ખરતુલ અવતાર. ા૧૦ા પુરવને પશ્ચીમ ફરી, વળ્યો હું ઉત્તમાંય; ત્યાં સુણી એક ભામની, કહું તેનો મહીમાંય, ા૧૧ા શશી બદન મૃગલોચની, વળી કંચન વરણી કાય; અંગ જાણે આરસી, સોભા કહી નવ જાય. ા૧૨ા (૧૨૩)

ચોપાઇ. ૧૧

દ્રષ્ટાંવતિ નામે એક નાર, સુણ રાય કહું વીસતાર દ્રષ્ટાવતિપરીની જાત, તમને કહું સઘળી વાત. ા૧ા દ્રષ્ટાંવતિ છે દરીયાપાર, ત્યાં આગળ સોભા અપાર; દેવ દ્રષ્ટા નામે એક વૃક્ષ, ઘણુ સુંદર સોભે છે વૃક્ષ. ા૨ા બાર માસે ફુલ એક થાય, પરી જાત સઉ ભેગી થાય; વૈકુંઠ ચતુરદશા દિન જાણ, જાણે સોભે કોટી ભાણ. ા૩ા દેવદ્રષ્ટા પુષ્પજ જેહ, કોઈ જહીને લાવે તેહ; પુષ્પ લાવે તો કામજ થાય, તારો જલંધર રોગ જાય. ા૪ા તે મળે તો કામજ થાય, બાકી બીજો નથી ઉપાય; રશ કાઢી ઘોળી પીશો રાય, રોગ નાશ તમારો થાય. ા૫ા કહું વાત તમને કથી, બાંકી બીજો ઉપાય નથી; એમ કહીને જોગી ગયો, સુણી રાયને ઉલટ થયો. ા૬ા રાય કહે કઠીન છે કામ, દરીયારનું વિકટ ઠામ; એમ ચીંતા કરે છે ભુપ, હવે જઇને પડું

હું કું૫. ૭ બાસઠ પાનનું બીડું કર્યું, મહીપતે છાબમાં ધર્યું; જે ફુલ લેવા જન જાય, આ બીડું સુખેથી ખાય. ૮ કોઇ મન હીંમત નહીં ધરે, સઉ મનમાં વિચાર કરે; સઉ નીચુ જોઇને રહ્યા, મહીપતિ વીચારી રહ્યા, ૯ બાહાદુરશીંગ રાજાનો તન, તેણે વીચાર કર્યો મન; હું જાવું દરીયાની પાર, નીશ્ચે કામ કરૂં નીરધાર ૧૦ પુત્ર કહે સુણજો તાત, હું તો જવછું દરીયાની વાટ; તે કન્યા નીરખું જહી, એમ કુંવરે વાણી કહિ. ૧૧ એમ કહીને ઉભો થયો, ત્યારે રાય વીચારી રહ્યો; દેહેમાં રાજાને છે દુખ, કેમ ઉદાસ થાએ મુખ; ૧૨ (૧૩૫)

ચોપાઇ નં. (૧૨)

રાય કહે ભલે તમે જાવો, એ ફુલ લઇ અહીં આવો; એ પુષ્પ લઇ આંવોને અહીં, એમ રાજાએ વાણી કહી. ૧ સભા જન વીચારી રહ્યા, નહીં આવે પુત્રની દયા; પછી પુત્રે પેહેર્યો શણગાર, વીસતારૂં તો થાએ વાર. ૨ પુત્ર મનમા ખુશી થાય, મારા પીતાનુ દુઃખજ જાય; ગેરી ગુપચી ને તરવાર, એમ શણગાર સજયા નીરધાર. ૩ પુત્રે લીધી કંચનની મોહોર, એક શેર લીધી મોહોર; એવી બુદ્ધ પુત્રને વશી, જતન કરી કેડે કશી. ૪ ચકમક ચીપીયો લીધી છરી, મુશાફરી શાચી કરી; સભા જનને કર્યાં જુહાર; ચાલ્યો પછી ગામની બાર; ૫ ગામ બાર આવ્યો જેટલે, વરકન્યા મળ્યા તેટલે; આનંદ કુવરને મન થાય, મને શુકન રૂડા થાય; ૬ ધન ધન મારો અવતાર, મુજને જરૂર મળશે નાર; માહા જંગલમાં ચાલ્યો તન,

પ્રશ્ન થયું પુત્રનું મન; ।૭। દિવસે ચાલે રાતે મુકામ, નથી આવતું કાંઇ ગામ; સબ્દસિંહ શારદુલના થાય, તે સુણી કં-પે છે કાય; ।૮। વળી સબ્દ બિહામણા થાય, યાકુળ વ્યાકુળ કુંવર થાય; ઘણા પર્વતને પાહાડ, તે જોઇને ધ્રુજે હાડ. ।૯। હીંમત ધરીને ચાલે કુમાર, કઠણ કાળજુ કીધું તે ઠાર; વૃક્ષ ઉપર રહે છે રાત, પો ફાટે ચાલે પરભાત; ।૧૦। શિતળ છાંયાં જોઇ વિશ્રામ કરે, પછી એ થકી પરવરે; વળી જાણીતા વન-ફળ ખાય, કુવર વનમાં ચાલ્યો જાય. ।૧૧। નથી વનમાં મા-નવ જાત, કેની સંગાતે કરે વાત; જે ફળ દેશી પંખી ખાય તે ફળ રાજા ત્યાં ખાય. ।૧૨। (૧૪૯)

પુરવ છાયા. નં ૧૩

વનફળ આહાર કરતો; વનમાં ચાલ્યો જાય; બે માસતો થઇ ગયા, ત્યાર પછી શું થાય. ।૧। ઇંદ્ર વન પછી આવીયું, જાણે જાશે પ્રાણ; શીવ દેવળ એક આવીયું, અષ્ટે થયો ભાણ. ।૨।, શીવદેવળ રળીઆંમણું, ઇંદ્રેશ્વર માહાદેવ; સૂરસ્નકાહિક અહર્ચે, સદ્દાળા કરે શીવ સેવ. ।।૩।। કુવર વીચારે મનમાં, આ થયું અંધારૂં જાણ; આ વન હાથી તણું, કદીલહે મુજ પ્રાણ. ।૪। શીવ દેવળ નજીકમાં, એક હતું બીલીનું ઝાડ; સબ્દ થાએ બિહામણાં, તે સુણી ધ્રુજે હાડ. ।૫। તે વૃક્ષ પોલું હતું, તેમાં સંતાયો કુમાર; મધ રાતે કઉત થયું, તેના સુણો વીસ-તાર. ।૬। શીવરાત્રીનો દીવસ છે, વનમાં થયું ગેહેર; દેવદા-નવને ગાંધવં, કરે છે લીલા લહેર. ।૭। અષ્ટકુળ [illegible] આવી-

આ, વળી સાતસમુદ્રશાર; સલીતાઓ સઉ આવીયો, સોભાનો નહીપાર. ।૮। છપનકરોડ ચાંમુંડા, નવકુળ પધાર્યા નાગ; દેવ તણી સભા થઈ; નહી પગ મેલ્યાનો માગ ।૯। અષ્ટ સિદ્ધીઓ નૃત કરે, ત્યાં જે જે સબદ થાય; નારદ વેણું વગાડતો, તુ-મરૂ ગાંધર્વ ગુણ ગાય. ।૧૦। અપછરાયો ત્યાં નાચ કરે, સોભા ઠામો ઠામ, મઘવોરી જે રંગમાં, આપે આદરમાન. ।।૧૧।। ઈંદ્ર ઉતારે ત્યાં આરતી, બંધીજન જશ ગાય; દેવાગના સઉ દેવનાં, ત્યાં ઓઓ ગરબા ગાય. ।૧૨। (૧૫૯)

ચોપાઇ. (૧૪)

વંઝા માગે છે સંનતાંન, ગુનેગાર પકડે છે કાંન; ઘણા દેવ ત્યાં થૈ થા કરે, સદાશીવની સેવા કરે. ।૧। ગામ થયું રાત્રી મોઝાર, વળી બાવન થયાં બજાર; કંદોઇની દુકાનો સહી, માલ વેચાએ ઘણો તહી. ।૨। સોભે સેહેર ત્યાં પોળે પોળ, બેઠાં ચોકશી ઓળે ઓળ; સરૈયાની દુકાનો તે ઠાર, વેચે અ-તર ત્યાં તેવાર. ।૩। સરાફ અને વાણીયાં હીં, તએ વાતમાં સંષ્ય નહીં, પુત્રે વિચાર્યું મનમોઝાર, હતું અંધાજું આવ્યો તે વાર. ।૪। તેથી ગામ આ દીઠું નહીં, એથી હું સંતાયો અહીં; મુજને થયું ઘણું દુખ, આજે જાણે થયું સુખ. ।૫। ઘણા દિવસે દીઠું ગામ, માટે ભોજન કરૂં આ ઠામ; એમ વીચારી નીસર્યો બાર, આવ્યો મધ્ય ચોટાંમોઝાર. ।૬। બાહાદુર શીંગને આનંદ થયો, કંદોઈની દુકાને ગયો; ઘણા દીવસની મુજને ભુખ, ભોજન આપો થાએ સુખ; ।૭। મોહોર આપી

કંદોઇને હાથ, કૃપા કીધી વીસ્વનાથ; કંદોએ વીચાર્યું મન, મૃત માનવી આછે જન. ।૮। માટે અજાણ્યો કોઈ જન, કહું એને હું સત વચન; કંદોઈ કહે ડરસો નહીં રાય, તમને સઘળો કહું મહીંમાંય. ।૯। આ ભોજન દેવ લોક ખાયે, મનુષ્ય ખાયે યમ લોકે જાયે; માટે રાય કહું હું કથી, ભોજનતો અપાતું નથી. ।૧૦। ત્યારે કુવર ચમકયો મન, કંદોઇ કહે તે સ્તવચન; માટે આ કાંઇ કારણ રૂપ. એમ મનમાં વિચારે ભુપ. ।૧૧। દયા વશી કંદોઈને મન, આ દીશે કોઇ ભુખ્યો જન; એમ વીચારી બોલ્યો વાણ, સુણ રાજા ચતુરસુજાણ. ।૧૨। (૧૭૧)

પુરવછાયા નં. (૧૫)

કંદોઇ કહે રાજા સુણો, જરા બેઠો અહીં મુજદ્વાર; ભોજન આપું હું તમને, જરા થાએ નહીં વાર; ।૧। કંદોઇ પેસ્યો ઘેરમાં, ભોજન કીધું તઇયાર; પછી આપ્યું ત્યાં રાયને, કીધી વાતો બે ચાર; ।૨। દશમોહોર કંદોઇએ, રાય કનેથી લધ; પછી ભોજન આપીયું દયા કરીને દીધ; ।૩। કંદોઇ કહે રાજા સુણો, જુઓ સોભે આ ઘેર: એક રાત્રીનું રાયજી, આ ગામ આ સેહેર ।૪। અત્યારે સોભાઘણી, જુવો જે જે સબ્દ થાય; રવિ ઉદયે રહે નહીં, આ સઘળું અલોપ થાય; ।૫। રાયસુણી અચરત થયો, જે સુણી કંદોઇની વાત; મારા ભાગ્યનો પાર નહિં, ધન ધન આજની રાત; ।૬। ભોજન કીધું રાયજી, જલમાગીને પીધ પછે રાય વિદાય થયો, આશીષ કંદોઇએ દીધ; ।૭। શીવદેવળ પાસ આવીઓ, ચડયો બીલીને ઝાડ; સંતાઇ પોલમાં બેશીઓ,

થરથર કંપે છે હાડ; ।૮। સઘળા દેવને નિરખીઆ, અને રાજા લાગે છે પાય; પછી સુર્ય ઉદયે થયો, ગામ અલોપ થયું ત્યાંય; ।૯। દેવતો સ્વર્ગે ગયા, નાગ ગયા પાતાળ; સેહેરતો અલોપ થયું, જરા થઇ નહીં વાર; ।૧૦। સેહેર હતું જંગલ થયું, શાર-દુલ કરે પોકાર; સબ્દ તો બિહામણાં, હું શાશા કહું વીસતાર, ।૧૧। ચારે તરફ ત્યાં રાયજુવે, ત્યાં દીઠી રંભા એકનાર; રાયે બેઉ કરજોડીને, કીધો નમસ્કાર; ।૧૨। (૧૮૩)

ચોપાઈ (૧૬)

સઘળીમાયા અલોપ થઇ, કેડે અપછરાએ કરઈ; રાયે દીઠી અપછરા નાર, ભુજજોડી કર્યો જુહાર; ।૧। વૃક્ષેથી ઉતર્યો જેટલે, અપછરા ચાલી તેટલે; જાતાં જાતાં બોલી તેહે, રંભાનામે અપ-છરા જેહે; ।૨। સવરા રાત કીધાં દરસ્ન, રંભા કહે હું છું પર-સ્ન; આસા તમારી પુરણ થાશે, જે ધારૂં રાજા તે થાશે, ।૩। એમ વાણી રંભાએ કહી, પછી તે સ્વર્ગમાં વહી; વચન સુણીને ખુશી થયો, એકઘડી ત્યાં ઉભો રહ્યો; ।૪। સર્વેવનમાં ભમે છે રાય, મનમાં ઘણો સંષ્ય થાય; જ્યાં હતું કંદોઇનું ધામ, પછી રાજા આવ્યો તે ઠામ; ।૫। કંચન મોહોર આપી જે રાય, તે તણો સુણો મહીંમાંય; નહીં દુકાન ત્યાં પૃથ્વી શાર, પાષાણુ મોહોર દીઠી તે ઠાર; ।૬। પછી ચાલ્યો રાજકુમાર માહાજંગલની મોઝાર; દિવસે ચાલે રાતે મુકામ, નથી આવતું કાંઇ ગામ;।૭। વન એવું એક આવ્યું તહીં, વન્સપતિ પણ આવે નહીં; નથી પશુપંખીની જાત, ક્યાંથી હોયે માનવ જાત; ।૮। કંદમુળનો

કરે છે આહાર, ત્થા ધોળું સકડીયું શાર; ચકમક પથરો કને તૈયાર, પાવક પ્રગટ કરતાં નહીં વાર; ।૯। એક માસ ગયો જેટલે, વન બીજું આવ્યું તેટલે; કનક પૃથ્વી સોભેશાર, સરોવર સુંદર નીરધાર; ।૧૦। મોહોલ એક આવ્યો જેટલે, રવિ અસ્તે થયો તેટલે; બાગબગીચા સુંદર શાર, બની બેઠકો ત્યાં અપાર; ।૧૧। રાજા જોઇને વીસ્મે થયો, પછી બગીચામાં આવીયો; સોભે ફળફુલ તે મોઝાર, વન્સપતિ ભાર અઢાર; ।૧૨। (૧૯૫)

પુરવછાયા (૧૭)

કનકની પુતળી સહુ, સોભે મોહોલને દ્વાર; માહીં હીંડોળા કનકના, સોભા ઠારેઠાર; ।૧। મીકાઇ મેળા સૌ અંન ભર્યાં, ધાતુ પાત્ર અપાર; ગલીચા અતિ ઘણાં, વસ્ત્રનો નહીં પાર; ।૨। ગોખ ચોકને જાળીઆં, બારી બારણાં ત્યાં શાર; પલંગ બીછાવ્યા અતિ ઘણાં, હું શા શા કરૂં વીસતાર; ।૩। નીલમણી પથ્થર ઘણાં, વળી દીઠે મુખ દેખાય; હાંડી ટકતા સોભતા, લીલમ સોભે ત્યાંય ।૪। હીરા મોતી માણેક ઘણાં, ભાતીગર સોભાય; ત્યાં તે જોઇને રાયનું, મનજ પ્રસન્ન થાય; ।૫। રાજા ગયો નથી મોહોલમાં દુરથી જુવે સોભાય; રાજા વીચારે મનમાં, વળી અંદર કેમજ વાય; ।૬। છેટે રઇ જુવે મોહોલમાં, નથી માનવની જાત; આ મોહોલ રમણી ઘણો, અહીંયાં રહું હું રાત; ।૭। હળવે હળવે રાજા ત્યાં, આવ્યો મોહોલની માંય; ચિત્રામણ અતિ ઘણી, તે જોઇને પ્રસન્ન થાય ।૮। સાતમાળ ચડયો રાયજી, દીઠું નહીં કોઇ જન; ઘણા દીપક લાગતા, તે જોઇ થયો પ્રસન્ન; ।૯। પેઝા

બરફી મીઠાઇ ભરી, તે જમ્યો રાજ કુમારઃ પછી બેઠા આનં-દથી, વિશ્રામ કર્યો તે ઠારઃ ૧૦। રાય વીચારે મનમાં, અહીં નથી માનવની જાત; આ અલોકિક મોહોલ છે, જાણે શું થાશે આ રાત; ૧૧। વળી નીંદ્રા નથી આવતી, યાકુળ વ્યાકુળ થાય પ્રભુ હવે અહીં શું થાશે, જાણે નીચ્ચે મરણ થાય; ૧૨। (૨૦૭)

ચોપાઈ નં. ૧૮)

રાય કહે ગતી શી થાય, જાણે રાતે મુને કોઇ ખાય; હવે હું શું કરૂં પેર, આ કાંઈ કારણ રૂપે ઘેર; ૧। જુવે રાય મોહોલ મોજાર, ભોંયરૂ એક દીઠું તે વાર, રાય સંતાયો તેમાં જહી, ત્યાર પછે શી પેર થહી; ૨। મોહોલ બારણે સોભા ઘણી પણ નથી અહીંયાં કોઈ ધણી; સુંદર બારણે એક ચોક, ઘણી રમણી સોભા છે રોક; ૩। ચોક વચે છે એક કુપ, અચરત થયો દેખીને ભુપ; કુવા કાંઠે સોભા અપાર, વારૂ કહું તેનો વીસ્તાર; ૪। કુવા કાંઠે એક છે વૃક્ષ, ઘણું ગુણવંત છે તે વૃક્ષ; જલ પંથ વેલ છે નામ, તે ઝાડ નહીં ઠામો ઠામ ૫। મધરાત થઇ જેટલે, બેઉ જક્ષ આવ્યા તેટલે; કાળા અંગબિહામણું રૂપ, અચત પામ્યો દેખીને ભુપ. ૬। કુવા કાંઠે બેઠા તેહે, બેઉ આવ્યાં જક્ષ જેહે; વાતો કરવા મંડયા તે વાર, હવે સુણો તેનો વીસતાર; ૭। કળીયુ અને મૃત્યુ નામ, સુણો જક્ષ તણાં એ નામ; મૃત્યુ બોલ્યું એમ વાણ, સુણકાળી આચતુર સુજાણ; ૮। આપણ બેઉ જક્ષની જાત, આપણ ભેગા થયા મધરાત; માટે કહો કાંઇ નવિનવાત, મૃત્યુ એમ બોલ્યું વાત. ૯। કહે

કાળીયું સુણો તમો, નવિન વાત સુણાવું અમો; રાય પછી નેકળ્યો બાર, એશું કહે તેનો લઉં પાર. ૧૦ તે હે હું સઘળું કરશું ધરૂ હીંમત રાખું નહીં ડરૂં; કુવર સંતાયો મોહોલને દ્વાર, કઠણુ કાળજુ કીધું તે ઠાર. ૧૧ હવે સુણો જક્ષની વાત; મધ નીશાને કાળી રાત; ઠાળીયું કહે ને મૃત્યુ સુણે, મોહલ અંદરથી રાજા સુણે. ૧૨ (૨૧૯)

પુરવછાયા (૧૯)

કાળીયું કહે મૃત્યુ સુણો સ્વર્ગ જેવો આ મોહોલ; દેવ રચના સોભા ઘણી, બેઉ આપણુ કરીએ કલોલ. ૧ આ મોહોલમાં મીત્ર સુણો, અંદર સળંગ છે એક; ઉત્તર દશાના દ્વારમાં. કહું તમને વીવેક. ૨ ગુફામાં છે જલ ઘણું, બારકોશ કહેવાય; એ સળંગમાં થઇને, ગુપતપુર જવાય. ૩ ગુપતપુર એ ગામ છે મોટું સહેર કહેવાય; અહીંથી મીત્ર મૃત્યુ સુણો બારકોશ તે થાય; ૪ ગુપતપુરનો રાયજી, ગુપતચંદ છે નામ; તેને પેટે એક પુત્રી, જીતનંદની છે નામ. ૫ ત્રીઆ વરશ શોળની, સુંદર સ્વરૂપે નાર; જાણે ઝબુકે વીજળી, જક્ષ કરે વખાણ. ૬ કડલાંકાંબી વેઢ વિછવા, ઝાંઝર ઠમકે પાય; ચંદ્ર જેવું જાણે મુખ છે. વળીકંચન વરણીકાય. ૭ ઉરકુચની સોભા ઘણી, રતી જેવી છે નાર, ડોકે હારમણી તણો, સોભે અપરંમપાર; ૮ પીતા કહે વીવા કરીએ, કુળવંત જોઇ ભરથાર; પુત્રી હવે મોટી થઈ, લગ્ન લઇએ આવાર. ૯ પુત્રી કહે પીતા સુણો, મુજને જીતી જે જાય; તમને તાત શાચું કહું તે મુજસ્વામી થાય.

ચોપાઈ (૨૦)

પુત્રી કહે સુણોને બાપ, એ તમને થાશે પાપ; સ્ત્રી હત્યા આપુ હું તુને, ના કેમ કહો છો મુને, ।૧। દેહઘાત કરે જેટલે, ત્યાં રાજા ચમકયો તેટલે; રાયેધશીને ઝાલ્યા હાથ, બાળા સમરોને દીનાનાથ; ।૨। જે ધાર્યું તે પુત્રી કરો, ઇચ્છા પરમાણે પતિવરો; રાયે બંધાવી આપ્યો મેહેલ, તે આગળસ્વર્ગ સહેલ. ।૩। વૃત એવું પાળ્યું એ સુતા, રંગે રૂપે સો ભેરાય સુતા; સુખતેનું જાણે રહ્યું, હશી, ગુપતપુરમાં અબળાંવશી. ।૪। જીતનંદની ધર્યું નામ, પછી કીધું ભુડું કામ; બાજી ખેલાવે છે તે નાર પળમાં જીતે રાજકુમાર. ।૫। ભુપતો ભરમાઈ જાય, સ્વરૂપ જોઈ જીતવા જાય; એમ ઘણા વસ્યકીધા ભુપ, હતાં એમના ઘણાંરૂપ ।૧૦। રાય કહે પુત્રી સુણો, એ તમો બોલ્યાશું બોલ; ગુપતપુર હું રાયજી, મારો ઉતરે તોલ; ।૧૧। પુત્રી કહે પીતા સુણો, તમો ના કહો જો આપ; સ્ત્રી હત્યા પીતા કરૂ એ તમને થાશે પાપ. ।૧૨। (૨૩૧)

રૂપ. ।૬। એવી ભુંડી તે છે નાર, દયા તેને નહીં લગાર; જેને મનમાં ઇચ્છા થાય, તે નારીને જીતવા જાય. ।૭। જીતે તેની નારી થાય, હારે તેની દમે છે કાય; પછી મનધારે તે કરે, દયા જરા મન નહીં ધરે. ।૮। નાખે જેલની માહીં નાર, દયના દળાવે ભુંડી તે નાર; તેનો હુકમ પાછો ના ફરે, જે ધારે તે અબળાં કરે. ।૯। કાળીયું વાંણી એમ કહે, તે મૃત્યુ કરણે લહે; મોહોલમાંથી સુણેરાય, ઘણો આનંદ મનમાં થાય. ।૧૦। બંને

જક્ષે વાતો કરે, રાજા મનમાં ખ્યાલજ કરે; ભલા ભલા વસ્ય કીધા ભુપ, હતાં એમના સુંદર રૂપ. ।૧૧। રમી રમત બંધાઇ ગયા, તે સ્ત્રીના કીધામાં રહ્યા; કાળા ગૃહમાં ઘણા રહ્યા, વચને બંધાઇ બેશી રહ્યા; ।૧૨। (૨૪૩)

પુરવછાયા (૨૧)

સંધ્ય થયો મનેકાળીઆ, ગુફામાં જલ અપાર; ત્યાં રાય કેમ કરી જાય છે, તેનો કહો વીસતાર. ।૧। જીત નંદની સુંદર ઘણી, વળી તે સ્ત્રીની જાત; રાયને વસ્ય કેમ કરે, સઘળી કહો ને વાત. ।૨। કાળીયું કહે મૃત્યું સુણો, તું મીત્ર મુજ ભ્રાત; કોઇને વાત કહીશ નહીં, કવછું તમને વાત. ।૩। મૃત્યુ કહે અહીં કોઈ નથી, વળી આ કાળીરાત; વાત કહોને કાળીઆ, અહીં નથી માનવ જાત. ।૪। કાળીયું કહે મૃત જનથી, સળંગમાં નહીં જવાય; ગાંધર્વ આદે દાનવો, ગુપતપુરમાં જાય. ।૫। આ વૃક્ષનું મુળ લઇ સળંગમાં ચાલ્યો જાય; દુખી માનવ થાએ નહીં, જલસઉ છેટે જાય; ।૬। ગાંધર્વ આદે દાનવો, સઘળા જાણે મહીંમાંય; એથી જાએ એ ગામમાં, માનવના જાણે મહીંમાંય. ।૭। એ સુંદર સ્ત્રીને જોઇને, સર્વે જીતવા જાય બળકાંઇ ચાલે નહીં, કાળા ગૃહમાં જાય; ।૮। કાળીયું કહે મૃત્યું સુણો, એને વસ્ય થયું હું નીરધાર; બારમણનો ખીચરો તેનો આપે છે આહાર. ।૯। મારૂ તે સંમરણ કરે, હું પળમાં જાઉ તે પાસ; જોરાવરહો એ અતિ ઘણો, પણ પળમાં કરૂં હું દાસ. ।૧૦। ગાંધર્વને વસ્ય કરી, નાખ્યા જેલ મોઝાર; સઘળા

સ્રી પુત્ર તજી, રહ્યા તુરંગ મોઝાર. ૧૧ા ગાંધર્વ બળ પણ છે ઘણું, એથી મુજ બળ અપાર; જળને ઠેકાણે ઘરકરૂ, શાચો કહું વિસ્તાર. ૧૨ા (૨૫૫)

ચોપાઇ નં. (૨૨)

આ વૃક્ષનું મુળ લઇ, જાય, એ સળંગમાં ચાલ્યો જાય; વિગન કાંઇ થાએ નહીં, માનવ પણ જાએ તહીં. ૧ા મૃત્યું કહે ભલે જાય, પણ તું વસ્ય કઇ પેરથાય; તે મુજને કહોને વાત, આપણ છીએ જક્ષ જાત. ૨ા તું મીત્ર તું મારો ભ્રાત, મને કહોને શાચી વાત; કાળીયું પછિ બોલ્યું વાત, રાજા સઘળી સુણે છે વાત; ૩ા કાળીયું કહે સાંભળજો તમો, એ વાત કહીએ છે અમો; આ કુવાકાંઠે આછિ વૃક્ષ, વળી કુવામાં બીજુ છે વક્ષ સુણુ વાત ધરીને ધીર, આ કુવાનું ઉડું નીરઃ નીચે જલ ઉપર કાંઠોને ઝાડ, તેની વચમાં એક બીજું ઝાડ. ૫ા મધ કુવામાં ઝુલે વૃક્ષ, નથી બહુ મોટું તે વક્ષ, કુવાના પથ્થર સંગાત, તે ઉગ્યું છે સુણુંને વાત. ૬ા ઘણું સુંદર માહીં વૃક્ષ. એમ કહે કાળીયું જક્ષ; જીતવેલી તેનું છે નામ, મારા વચનથી થાશે કામ. ૭ા જીતવેલી મુળ લઇ જાય, તે સ્રીને જીતવા જાય; તે અબળાં નહીં જીતાય, પણ આ રીતે પળમાં જીતાય. ૮ા એ મુળમુકે બાજીપાસ, આવે તેની મુજને વાસ; ત્યાં ઉભુ હું નહીં રઉં, ચીશપાડીને ઉઠી જાઉં. ૯ા રામ આણહું શાચુ કહું, તે પુરુષને વસ્ય હું રહું; કાળીઆએ વાંણી કહી, તે મત્યુ એ કરણે લહી. ૧૦ા કાળીયું કહે મેં કહી વાત, સઘળી ગુપ્તપુરની

વાત, હવે વાત કહોને તમો તમને મૃત્યુ કહીએ અમો. ।૧૧। જેવી વાત કહી અમો, એવી વાત કહોને તમો; મૃત્યુ એમ બોલ્યું વાણુ સુણુકાળીઆ ચતુરસુજાણ. ।૧૨। (૨૬૭)

પુરવછાયા, નં. ૨૩

મૃત્યુ કહે કાળી આ સુણો, વાતોમાં ગઇ રાત; હવે વાત હું શું કહું, પોફાટયો પરભાત; ।૧। ત્રીજા દીવસની રાત્રીએ, એકઠા થઇ શુ મધરાત; કાળીઆ હું ચાલ્યું કહું, ત્યારે કહી સહુ વાત; ।૨। મીત્ર વહેલા આવજો, મારાસમ કહીશ વાત; જરૂર ત્રીજા દીવસચે, એકઠા થઇ શું મધરાત; ।૩। અહલ બદલ વચન લીધાં, બેઉ જક્ષ એ ત્યાંય; પોફાટયો નાશી ગયા, ત્યા છે શું થાય; ।૪। જક્ષ વાત જે કહી ગયા, તે સુણી બાહાદુર શીંગરાય; મનમાં ઘણો ખુશી થયો, એ મુળ લઇ જાવું ત્યાંય; ।૫। રાજાએ દેખ્યું બારણે, જક્ષના દીઠાં તે ઠાર; જક્ષ તો નાશી ગયાં, મનમાં કીધો વીચાર; ।૬। રાજા આવ્યો બારણે, મનમુઓ કરીને મન; જક્ષ કે કહ્યું એ હું કરૂ, ઉદય થયો હવે દન; ।૭। એમ વીચારી રાય ત્યાં, આવ્યો કુવાને પાસ, ધન ધન જક્ષ તમને કહું, હવે પોહોંચી મારી આસ; ।૮। કુવા કાંઠે આવીને, દ્રષ્ટી નીરખી તે વેલ; કઠીન કામ માહીં ઉતરવું, નથી આ કાંઈ સહેલ; ।૯। તોરણ બાંધેલું દોરડું, હતું મોહોલને દ્વાર; તેને રાયે છોડીયું, જરા નહીં થઇ વાર; ।૧૦। કુવા તીરે મોટું ઝાડ હતું, બાંધ્યું રાંડવું તે સંગાત; જતન કરીને બાંધીયું, સાંભળો કુવાની વાત; ।૧૧। વસ્ત્ર ઉતાર્યાં ત્યાં કુંવરે,

મુકયા કુપને તીર; નજર નીહાલી દેખીયું, કુપમાં ઉંડુ છે નીર; ૧૨ા (૨૭૯)

ચોપાઇ (૨૪)

ગાંઠો વાળી દોરડે તહીં, હીંમત રાખી ડર્યો નહીં; રાંઢવું પછી નાંખ્યું કુપ, ઘણી અક્કલ ચલાવી ભુપ; ૧ા પછે ઉતર્યો રાજા કુપ, આંટી નાંખી ચરમાં ભુપ; જીત વેલો ઉગ્યો છે જયાંય, રાજા સ્થંભ્યો પછી ત્યાંય; ૨ા બાંધ્યું દોરડું કેડે કશી, પગ મુકયા પાષાણે ધશી; ચકમક ચીપયો છરી શાર, રાજા લાવ્યો છે ઘેરથી તેવાર: ૩ા વાઘેલા રજપુતની જાત, કદી ડરે નહીં તે જાત; રાયે લીધી પાળી હાથ, કરજો કરૂણાં દીનાનાથ; ૪ા રાયે કાઢયું મુળ તે વાર, વેઢયું મુળ ના થઈવાર; કુવામાંથી નીકળ્યો બાર, પછી મનમા કીધો વિચાર. ૫ા કુવા કાંઠે વૃક્ષ હતું જે હે, જેથી સળંગમાં જવા એ તે હે; તે મુળ પણ લીધું શાર, જાવા ગુપત પુર મોઝાર. ૬ા રાજા આવ્યો મોહોલની માંય, ઉત્તર દ્વારે દીઠો ગુફાય; રાયે બતાવ્યું ત્યાં મુળ, જલ નાસ્યું દેખીને મુળ. ૭ા જલ પછી થયું બે ભાગ, વચમાં થયો મોટો ભાગ; અંધકાળ નવ સુજે ભાણ, કાયર જનનાજાએ પ્રાણ. ૮ા કોશ કોશ અજવાળાં ઘણાં, વખાણ કરૂ હુ સળંગ તણા, અંગમાં ઘણી ગરમી થાય, અસ્નાન કરતો ચાલ્યો જાય; ૯ા આવે બેઠકો માહીંશાર, વીશ્રામ કરે રાજા તે ઠાર; સુર્ય અષ્ટે થયો જેટલે, ગુફા બાર નીકળ્યો તેટલે. ૧૦ા ગુપત નામે આવી ત્યાં ગંગ,

કીધું અસ્નાન થયો આનંદ; સંજાવેળાએ નીકળ્યો બ.ર, રાત થઇ પછી તે ઠાર. ૧૧૧ આવ્યું ગુપતપુર ગામ, ત્યાં સોભા છે ઠામોઠામ; ઘણા દિપક લાગે તે ઠાર, જાણે રૂશની છે અ- પાર. ૧૨૧ (૨૯૧)

પુરવ છાયા. નં. (૨૫)

મેડી મોહોલને બારણે, દી ક લાગે છે ઘેર ઘેર; જાણે ઘણી છે રૂશની, સદા પ્રભુની મેહેર. ૧૧ રતી જેવી સઉ અ- બળાઓ, સોનાના શણગાર; છુટી વેણીએ ભામની, કોટે મો- તીના હાર. ૧૨ા સ્રીઓ સોભે અતિ ઘણી, રંભા જેવા છે સ્વ- રૂપ; કનક બેડાં શીરધર્યાં, જોઇ વીસ્મે પામ્યો ભુપ. ૧૩ા ફ- રતો ભમતો રાય ત્યાં, આવ્યો મધ બજાર; ત.બોળીની દુકાને રાય ઉભો તે ઠાર. ૧૪ા ગામ રાયની પુત્રી, જીત નંદની છે નામ; તેની દાશી આવી અહીં, તંબોળીને ધામ. ૧૫ા તંબોળ લેવાને કારણે, દાશી આવી દુકાન, ટકો આપ્યો તંબોળીને, લીધા બીડાને પાન. ૧૬ા દાશીએ દીઠો અ: રાયને, ઉભો તં- બોળીને હાટ; દાશી જોઇ વીસ્મે થઇ, મનમાં વીચારે વાત. ૧૭ા આ પ્રદેશી કોઇજન છે, વળી સુંદર ઘણું છે રૂપ; વાં કાને વ.ણાંગીયો, રચે કોઇ છે ભુપ. ૧૮ા દાશી ગઇ ફેરા વળી, જઇ રાજપુત્રીને દ્વાર; સુણ બાઇ શાચુ કહું, વાંણી કહું નીરધાર. ૧૯ા ભુપ એક કોઇ આવીઓ, કાંઇ સુદર તેનું છે રૂપ; તે જોઇ અચરત થઇ, કદી આવે અહીં એ ભુપ. ૧૧૦ા જીતનંદની વાંણી કહે, તું સુણ દાશી આવાર; જો એ આવે

અહીંયાં તે:, વળી ઘણોજ મારૂમાર. ।૧૧। ચીંતા મુજમનમાં નથી, કોઇથી કાંઇ ના થાય; જો ર્૨વ ઘણોજ કરે, તે સામી જેલમાં જાય. ।૧૨। (૩૦૩)

ચોપાઈ (૨૬)

જેનું હોએ ઘણું રે રૂપ, નાખુ તેનેરે ઉંડે કુપ: ઘણું રૂપને મોટું રે નામ, તેને હઉ હું મુખે ડામ. ।૧। લખ્યું નશીબે અહીં આવશે, રમી બાજીને જીતો જશે; એ વાત અહીંયાંથી રઇ, ત્યાં રાજાની શીપેર થઇ. ।૨। રાય કહે જાવું કેને ઘેર, મધુ સુહન કરજો પેર; રાય ઉભો તંબોળી હાટ, પેહેલા પોહોરની કાળી રાત. ।૩। ઉભો રહ્યોને સોભા જુવે, સુંદર સઘળી સ્ત્રીઓને જુવે; ત્યારે તંબોળી વીચારે મન, આ કોઇ અજાણ્યો દીશે જન. ।૪। માટે એને પુછું વચન, જાણે કોઇ મોટો રાજન; કહે તંબોળી સુંદર રૂપ, અહીં કેમ ઉભા છો ભુપ. ।૫। નાત જાતને ગામજ કહો, ભલે ભાઇ મારે ઘેર રહો, કહો શીદ આવ્યા આ ગામ, એવું શું પડયું છે કામ. ।૬। રાય કહે સુણજો વાત, મારી રાય રજપુતની જાત; અથીઇથી વીતી કહી, તંબોળીએ કરણે લહી. ।૭। કહે તંબોળી સુણને રાય આ ગામનો ભુંડો મહીંમાંય; તમો અત્યારે રાય ક્યાં જશો, ઘણા દુ:ખીયા રાજા થશો. ।૮। માટે રાય રહો મુજ ઘેર, કરૂ તમારી સઘળી પેર; રહ્યા રાય તંબોળી ઘેર, ત્યાર પછેનો કહું પેર. ।૯। તંબોળી એ શીધું દીધ, રાજાએ તો રશોઇ કીધ; રશોઇ જમાને નીકળ્યો બાર, બેઠાં રાય એ॰

ટલે શાર. ૧૧૦ બીજા પોહોરનો નીશા થઇ, ત્યાર કેડે શી શોભા થઇ, તંબોળ લેવાને કારણે, અબળાઓ આવે બારણે. ૧૧૧ શેઠ શાહુકારની દીકરી, બાળાઓ બાહેર નીશરી; શશી બદન સઘળી નાર, સવાશેર મોતીનો ભાર. ૧૧૨ (૩૧૫)

પુરવછાયા (૨૭)

અબળાઓ સઉ આવે છે, કાંઈ લેવા બીડાંને પાન; દીવસ કરતાં અતિ ઘણી, રાતે પેદાસ દુકાન. ૧૧ છુટી વેંણીએ ભામની, ગાંધર્વ તણી છે જાત; બાળે બાળ મોતી ઘણા, જાણે દિવસ દીવાળી રાત. ૧૨ તોળે તોળે ભામની, કરણે ઝણુકે ઝાલ; આ ભુષણુ અતી ઘણા, કાંઈ સોભે ગોરેગાલ. ૧૩ દરીયો લજ્જા પામતી, વળી કળીયો તો કરમાય; છેલ જુવે એવી ભામની, તેથી કેમજ રહેવાય. ૧૪ ગાંધર્વ કન્યા જાત છે, વીચારી મન ધરી બુદ્ધ; જુઠું હું કહે તો નથી, કાંઇ દીઠે રહે નહીં શુદ્ધ. ૧૫ મણી તણા હાર ઝુલતા, વળી કુચ ઉપર લપટાય; શશી બદન સ્વરૂપ છે, તે બીડાં લઇને જાય. ૧૬ હીરા ભાતીગર ચોલીયો, કાંઇ શાલુડે કશબાકોર; શોળવરસની બાળાઓ, કરે સબદને શોર. ૧૭ તંબોળી કહે ભુપ સુણો, તમે જુવો ગુપતપુર ગામ; દિવસની આવક કઇ નહિ, રાતે થાએ બહુ દામ. ૧૮ જાર વિજાર સઉ આવતા, સઉ તંબોળીને હાટ; ગુપતપુર મોહો રાતરી, કાંઇ છેલ પુરૂષની જાત. ૧૯ પગની પાની લાલ છે, કાંઇ ઠમ ઠમ ઠમકે પાય; ત્યાં સઘળી સુંદરબાળાઓ, કાંઈ તંબોળ લઇને જાય. ૧૧૦ ચરણે

પેહેરી મોજરી, કાંઈ રૂપતો અપરંમપાર; જાણે ઝબુકે વીજળી, વળી શોભે સજ્યા શણગાર ।૧૧। દંત જાણે દાડમ કળી, વળી નથની સોભે નાક; ત્યાં રાય કહે સું સુંદરી, મોહોમાં કામીનો નહિ વાંક. ।૧૨। (૩૨૭)

ચોપાઈ (૨૮)

તંબોળી ઘેર પોઢયો રાય, થયો નીંદ્રવસ્ય ત્યાંય; સુર્ય ઉદયે થયો જેટલે, જાગરણ રાય થયો તેટલે. ।૧। દંત ધાવ ન કીધું રાય, પછે અસ્નાન કીધું ત્યાંય; કહે તંબોળી સુણજો રાય, આ ગામનો ભુંડો મહીંમાંય. ।૨। ગુપત નંદરાજાનું નામ જીત નંદની પુત્રીનું નામ; તેણે કીધું ભુંડું કામ, ઉત્તર દરવાજે મુકામ. ।૩। બાજી ખેલાવે છે તે નાર, દયા નહીં તેને લગાર; હારજીતની કરે હોડ, ત્યાં કોઇના પોહોંચ્યા નહીં કોડ. ।૪। માટે ત્યાંના જાશોરાય, ત્યાં ગયે સુખ નહીં થાય; રાય કહે જોવું છે આ ગામ; મારે ત્યાં જાવાનું શું કામ. ।૫। એમ કહીને ચાલ્યો ત્યાં રાય, ઉત્તર દરવાજે આવ્યો ત્યાંય; રાજપુત્રીનો દીઠો મેહેલ, તે આગળ સ્વર્ગ સહેલ. ।૬। બાગ બગીચા સુંદર શાર, ત્યાં ઘણી સોભા અપાર; ઘણી રક્ષા ચોકી તે ઠાર, નગ્નશી રોઇ ભરી નીરધાર. ।૭। ત્યાં રાય કરેરે વિચાર. શીપેર કરૂં અઃઠાર; એક શીપાઇને પુછયું રાજન, બાજી રમવાનું મારેરે મન. ।૮। હું છું ભરતખંડનો ભુપ, તમો જુવોને મારૂ સ્વરૂપ; શીપાઇ કહે પુછું જઈ અમો, પછે સુખે જાજો તમો. ।૯। દયા શીપાઇને મનવશી, ચાલ્યો પુંછવા મો-

હોલે ઘશી; શીપાઇ આવ્યો દાશીની પાસ, આજે પોહોંચી મનની આસ. ૧૦ શીપાઇ કહે આવ્યો એક ભુપ, એનું સુંદર ઘણું છે રૂપ; રમત રમવાનું એને મન, મુજને તેણે કહ્યા વચન. ૧૧ તેથી હું અહીં આવીયો, બાઇ હુકમ લેવા આવીયો; કહો તો આવવા દઉ આઠાર, કહો તો મારૂ એને હું માર. ૧૨ (૩૩૯)

પુરવછાયા, [૨૯]

દાશી કહે શીપાઈ સુણો, સદા રમતનું છે કામ; ભલે આવવા દો એ ભુપને, એનું અહીંયાં છે કામ. ૧ સદા રમત છે અહીંયાં, વળી ભુપ સંગાતે છે કામ; એ વાત જાહેર છે, કાંઈ સદા રમત આ ઠામ. ૨ હારે તો થાય ભામની, જીતે તો મારે માર; ઇચ્છા હોય તો પરવરો, કહો જઈ રાજકુમાર. ૩ હુકમ થયો શીપાઇને, આવ્યો મોહોલની બાર; શીપાઇ કહે હુકમ છે, સુણો રાજકુમાર. ૪ જીતે તો થાએ ભામની, હારે તો મારી શું માર; દયા મન નહીં લાવીએ, પ્રથમ કહું આવાર. ૫ રાય કહે શીપાઇ સુણો, જો હું હારૂં અહીં નીરધાર; દયા જરા લાવશો નહી, મારજો મુજને માર. ૬ શીપાઇએ હુકમ કર્યો, રાજા આવ્યો મેહેલ; સુંદર સોભા મેહેલનો, જાણે સ્વર્ગ સહેલ. ૭ ગામ રાયની જે પુત્રી, જીત નંદનો છે નામ. પલંગ ઉપર બેશી હતો, દાશીનું માદળી નામ. ૮ અબળાએ જુહાર કર્યો, બેસાડયો દઈ માન; ભલે રાય અહીં આવીઆ, એમ આપ્યા ફોફળપાન. ૯ ચક અને

પડદો શેનો, જે જીતવા બેઠી છે ભુપ; લાજ રાખે શેની ભામની, જેણે જીત્યા ઘણા ભુપ. ૧૦ અબળા કહે રાજા સુણો, નથી અહીં સેહેલમાં કામ; નથી ખાવો લાડવો, ઘણું કઠીન આ કામ. ૧૧ રાય કહે અબળા સુણો, ભુંડું કરે છે તું કામ; ભુપ ભલાને વસ્ય કર્યાં, કઠીન મારૂ છે કામ. ૧૨ (૩૫૧)

ચોપાઇ, (૩૮)

હારૂ તો રાય નારી થાઉં; વણ મુલે હું તો વેચાઉં; જો જીતુ તો મારૂ માર, નાખું કાળા ગૃહ મોઝાર. ૧ તમારૂ રાજા સુંદર રૂપ, નાંખું તમને ઉંડે કુપ; પાન ખાધાને આપ્યું માન, તે હે મુઢે દઉં હું ડામ; ૨ એમ રાજા શીક્ષા હું કરૂ, પ્રથમથી હું જાહેર કરૂં; ખુશી હોય તો રમજો રાય, એમ સરત કરૂ અહીંયાંય. ૩ હારજીતની કીધી હોડ, ના મળે ખાંપણને ખોડ; કંચન તણા મુકયા ત્યાં પાટ, હવે સુણો રમતની વાત. ૪ રમત હતી તે જારી કરી, બાજી મુખ આગળ ત્યાં ધરી; સામા સામી બેઠાં નરનાર, વારૂ સોભા અપરમપાર. ૫

છપ્પો, નં. ૨ જો.

જેણે જીત્યા ભુપ, તેને મરયાડાશેની;
સદા રમતનું કામ, પડદે બેસે શેની;—૧
જેણે જીતી દીઠા ભુપ, તેને તો શરમ શેની;
સ્ત્રી રૂપે રતન, અહીં રક્ષા કરે કોઇ શેની;—૨
કોટે મણીનો હાર, સોભા શું કહું તેની;

 છુટી વેણીએ નાર, સોભે કુચને દરીયો તેની;—૩
છુટી વેણીએ ભામની, કેશ કુચ ઉપર લપટાયા છે;
રંગે સ્વરૂપે ઉજળી, એવી તેની કાયા છે;—૪

ચોપાઇ ચાલુ.

રામાતો રૂપે રતન, અહીં કોણ કરે જતન; જાણે મુની મોયામાં ઘણા, વખાણ કરૂ જીત નંદની તણા. ।૬। ઉર કુચની સોભા છે ગણી, આંટી લપટાએ વેણી તણી; છલથી તો કેમ રહેવાય, કુટે શીશ કરે, વાહાય વાહાય. ।૭। પછે રાયે માંડયા દાવ, હઇએ વાગ્યા મોહોના ઘાવ; સુવરણનો શોગટી શાર, સુણો બાજીનો વીસતાર. ।૮। સ્રીએ જક્ષનું કીધું સમરણ, નમું જક્ષ હું તારે ચરણ; લાજ સઉ તમારે હાથ, મારા બાકી રહ્યા ચાર હાથ. ।૯। એવે આવીયું કાળીયું શાર, એને જરા ના થઇ વાર; અબળાં પાસા નાખે જે હાથ, જક્ષ આવી બેઠું તે હાથ. ।૧૦। પછી રાજા હારતો જાય, ત્યાં જીત નારીનીરે થાય, ઓને હીંમત આવી તે ઠાર, નાખુ કાળાગૃહુની મોઝાર; ।૧૧। પછી રામા બોલ્યા વચન, સુણ ભરતખંઠ રાજન; તમને પળમાં જીતુરાય, ખરવાહાન કરી દમું કાય. ।૧૨। (૩૬૩)

પુરવ છાયા.

ઓ મનમા વીચારતી, જો જીતુ તો મારૂમાર; પ્રતાપ તારો કાળીઆ, તુ પડ પડ પાસાપોબાર. ।૧। જક્ષના પ્રતાપથી, રાજા હાર તો જાય; ઓના પોબાર પડીયા, રાદને ચીંતા થાય. ।૨। રાય વીચારે મનમાં, હું જાણુ છું આ વાત; હવે જીત થાએ

નહીં, બળવંત જક્ષની જાત. ।૩। વૃક્ષ મુળ જે લાવીઓ, તે મુકયુ બાજીનો પાસ; જક્ષ અબળા પાસ હતુ, તેને ગઈ ત્યાં વાશ. ।૪।

ચોપાઇ.

ચીશ પાઠી ઉભું થયું, જક્ષ અબળા કનેથી ગયું; જહી બેઠું રાયના હાથે, રાયે જાણ્યું બેઠું મુજ હાથે. ।૧। પછી રાજન બોલ્યા વાણ, સુણ રામા ચતુર સુજાણ; નથી જીતવું સહેલમાં કામ, મારૂ બાહાદુરશીંગ છે નામ. ।૨। પછી રાયના પડયા પોબાર, રામા જુવે ભુમી મોઝાર; જીતનંદની હારતી જાય, ત્યાં જીત રાજાની થાય. ।૩। સ્ત્રી જોતામાં ઝાંખી થકો, ઘણી ચીંતા મનમાં વહી; તમો જક્ષ ગયા કયાં નાશી, મારે થાવું પડશે દાશી. ।૪। (૩૭૧)

પુરવછાયા.

ધન ધન જક્ષ તમને કહું હું જીતુ જો આજે નાર; રાયે પાસા નાખીઆ, એટલે પડયા પોબાર. ।૧। એક હાથ બાકી રહ્યો અબળા જુવે છે ધરણ; લાજ જક્ષ તુજ હાથમાં; જાણે મારૂ થાશે મરણ. ।૨। ગણા રાયને મે જીતીયા, તે તમારો પરતાપ; આજ કેમ નાશી ગયું, દુખી થઈ છું હું આપ. ।૩। પછિ રાજન જીતીયો, હારી જીતનંદની નાર; રાય કહે સુણ ભામની, કહો તો મારૂ હુંમાર. ।૪। નારી એ ભુજ જોડીયા, તમ મુલખરીદી હુંદાસ; જો ગમે તો વેચજો કારાખો પ્રીયતમ પાસ; ।૫। રાય કહે સુણભામની, હું શુ મારૂ તમને માર; તમારા જેવો હું નથી, હું મનમાં કરૂ વીચારા ।૬। (૩૭૭)

ચોપાઇ નં. (૩૨)

તમો જેલમાં નાંખ્યા જેહ, આી રાય બતાવો તેહ; તમને નારી જીત્યો કથી, હવે હુકમ તમારો નથી. ।૧। અબળા મન વીચારી રહી, કરજોડીને ઉભી તહીં; વચન તમારૂ માથે ધરૂ, જે હે કહો તે સ્વામી કરૂં. ।૨। ચાલો બતાવું કેદી જન, દઇ નાહળે છે સધળા જન; અબળા ત્યાં ચાલી જેટલે, પુથે રાય ચાલ્યો તેટલે. ।૩। જેલ આગળ આવ્યા શાર, ખુલ્લી શીરોઈ ચોકી તે ઠાર; જેલ દ્વારે તાળુ તહીં, જીતનંદનીએ ખોલ્યું જહી. ।૪। જીતનંદનીનો હુકમ ફરે, કોણ મનાઇ તેને કરે; બંને આવ્યા જેલ મોઝાર, દીઠા રાય ઘણા તે ઠાર. ।૫। કેદીજને કર્યા પ્રણામ, અમે છીએ તમારે નામ; ઘણા દિવસ પામ્યા દુઃખ કરસો રાય આ જે તો સુખ. ।૬। રાય કહે હું મુક્ત કરૂં, આશીષ તમારી શીરપર ધરૂ; રાયે કાડયા કેદીને બાર, ખુશી થયા કેદી તે ઠાર. ।૭। રાય કહે સઉ જાવો ઘેર, આજે થઈ પ્રભુની મેહેર; છોડયા રાયે કેદીને તે વાર, વિદાય થયા સઉ નીરધાર. ।૮। સર્વે રાય ગયા જેટલે, ચાર પુરૂષ રહ્યા તેટલે; મોટા અંગ બિહામણાં રૂપ, અચરત પામ્યો દેખાને ભુપ. ।૯। રાય કહે આ કયા ભુપ, રૂશનાઇ જેવા એમના રૂપ; આી કહે નથી એ રાય, ચાર રાક્ષસ રહ્યા અહીંયાંય. ।૧૦। ઘણા બળીઆ આ અસુર, ઘણા માયા વીસાગળપુર; નથી ભોગવ્યું એમણે દુઃખ, કીધુ અહીંયાં ઘણું સુખ. ।૧૧। થોડા દિવસથી આવ્યા એહ, દયના નથી દળતા તેહ; રાજ મારા

સુણો એ વાત, એમની રાક્ષસની છે જાત. ૧૨ા (૩૮૯)

ચોપાઈ (૩૩)

કાળા અંગને મોટા પેટ, બાજી રમીને થયા ફજેત; રાયે કાડયા તેને બાર, ચારે જણે કીધા જુહાર. ૧ા અશુ વસ્સુ દમશુ નામ, ચોથાનું શાવશુ નામ; સ્વરૂપ દેખીને મોહી રહ્યા, રમી બાજી બંધાઇ ગયા. ૨ા અમે બળીયા ઘણા રાય, વચન કાજ રહ્યા અહીંયાંય; રાય કહે જાવો સઉ ઘેર, આજે પ્રભુની થઇ મેહેર. ૩ા ગાંધર્વ પુર અમારૂ ગામ, કહેજો રાય અમ સરખુ કામ; હમે છીએ તમારે નામ, આવજો રાય અમારે ગામ. ૪ા એમ કહીને ચારે ગયા, રાય મન વીચારી રહ્યા; દુઃખી રાય છોડીને ત્યાંય, આવ્યા પછી મોહોલની માંય. ૫ા જીતનંદની કહે સુણો રાય, સફલ કીધી તે મારી કાય; કહું પીતાને હું જાણ, મને વાગ્યું મોહોનું બાણ. ૬ા ઓ એ દાશી તેડી શાર, સઘળો માડીને કહ્યા વિસ્તાર; રાય સભામાં જાને તુંય, તુજને હુકમ આપુ છું હુંય. ૭ા મુજને જે નર જીતી જાય, તે મારો સ્વામી થાય; મુજને એક જીત્યો રાય, તેને રાખ્યો મોહોલજ માંય. ૮ા દાશી ત્યાં તઇયાર થઇ, રાજાની સભામાં ગઇ; રાજાને કીધો જુહાર, સઘળો તેને કહ્યા વીસ-તાર. ૯ા દાશીએ વાંણી ત્યાં કહી, ગામ રાયે કરણે લહી; સુણી દાશીના વચન, ખુશી થયા સભાના જન. ૧૦ા રાય કહે વજીર સુણ વાત, એ જમાઇ રાજાની જાત; માટે લગ્ન લ્યો આવાર, તમો જરાના કરસો વાર ૧૧ા ગાંધર્વ વિહવા કરવો

જાણુ, રાજા મુખે બોલ્યો વાણુ; વજીર કહે કરૂ હું પેર, આજે થઇ પ્રભુની મેહેર. ૧૨૨ (૪૧૧)

પુરવછાયા, (૩૪)

ગુપતપુર આ ગામમાં, ગાંધર્વ વિવા થાય; આ ગામ ગાંધર્વનું, અહીંનો એજ મહીંમાંય. ૧૧ લગ્ન લીધું ત્યાં રાયજી, આ વિવામાં શીવાર; ધામધુમ થઇ ગામમાં, વળી સોભાનો નહી પાર. ૧૧ હુષ્ટે મેળાપ કરી આ, જરા ના થઇ વાર; કુળ વેવાર કરીયો, આનંદ મન મોઝાર. ૧૩૧ દાન કીધા ત્યાં રાજાએ, પરણી ઉઠયા નરનાર; ગોત્રજની પુજા કરી, વળી વીપ્રને લાગ્યા પાય. ૧૪૧ ખાનપાન ત્યાં કર્યા, ત્યાં સૌને આનંદ થાય; સભાજન ખુશી થયા, સઉ રૈયત ખુસી થાય. ૧૫૧ વાજ તે ગાજ તે લાવીયા, ત્યાં વહુ વરને એક ધામ, એજ મોહોલ રેવા આપીયો, જે જીતનંદનીનું મુકામ. ૧૬૧ રીત કરી નાત જાતની, જે કર્યો કુળ વહેવાર; થોડામાં ઘણુ સમજો, આ વિવામાં નહિ વાર. ૧૭૧ ઘણા જન રાજી થયા, ઘણા બ્રાહ્મણ ખુશી થાય; જીતનંદની ખુશી થહી, એમ ખુશી થયો ગામ રાય. ૧૮૧ ગામ રાય વીચાર તો, વળી મન તણી મોઝાર; વળી સદા રાખુ જમાઇને, હું આ ગામની મોઝાર. ૧૯ જીતનંદની ગઇ મોહોલમાં, જમાઇ બેસ્યો રાય પાસ, શેઠ સહિત રાય બેશીયા નમી કોઇ ઉદાસ. ૧૧૦૧ ગામરાય તવ બોલીયો, તમે સુણો જમાઈ રાજ; સદા રહો તમો અહીંયાં, ભોગવો અહીંનું રાજ. ૧૧૧૧ બો... તો, જક્ષે કહ્યુ જે શાત;

ત્રીજા દીવસનો વાયદો, એકઠાં થશે મધરાત. ૧૨ા (૪૨૩)

ચોપાઇ, નં. (૩૫)

સદા રહો તમે અહીંયય, એમ કહે નગર રાય; ખાવો પીવો આનંદ કરો, વળી આ ગામનું રાજ કરો. ૧ા અહીં ભાઇ સદા સુખ, ગુપતપુરમાં નહીં દુઃખ; આ સઘળું ગાધર્વનું ગામ, સ્વર્ગ જેવા જુવો મુકામ. ૨ા પછી કહે બાહાદુરશીંગ રાય, નગર રાય સુણો વચન; અહીં રાય હું નહીં રઉં કાળી રાતે અહીથી જઉં. ૩ા રાય કહે શુ બોલો હશી, વાઢું નાશીકા ખડકે ધશી; બાળ હઠ કરો શુકથી, શરમ કેમ આવતી નથી. ૪ા ખાધુ પીધું ના કાંધું સુખ, મુજ કન્યાને થાશે દુઃખ; પછી બોલ્યો રાજકુમાર, સુણ રાય કહું આવાર. ૫ા જીત્યો ત્યારે પરણ્યો નાર, નથી દયા લાવ્યા આઠાર; તતમ કન્યાને જીત્યો કથી હું વેચાણ તમારો નથી. ૬ા હું વેચુ ત્યાં જી વેચાય, તમથી રાજા કાંઇ નવ થાય; માટે મન ધારૂં તે કરૂં, અહી રઉં કે બીજે પરવરૂ. ૭ા અહીંથી રાતે ચાલ્યો જઉ, હવે એક ઘડી નહીં રઉં; નગર રાય વીચારે મન, શાસુ કહ્યું એણે વચન. ૮ા વહેલા આવજો જમાઈ રાજ, કહેતાં આવે મુજને લાજ; એવા વચન તમને કહું, બીજુ હવે તમને શુ કહું. ૯ા મે તમને કહ્યા જે વચન, તે દુઃખ નવ ધરશો રાજન; વળી ભુલ એ મારી થઇ, તમ આધીન પુત્રી મુજ થઇ. ૧૦ા થોડા દીનમાં આવીસુ અમો, સુણો નગર રાજા તમો; એમ કહીને ચાલ્યો રાય, પછી આવ્યો મોહોલજ માંય.

।૧૧। જીતનંદની બોલી વચન, રાજ મારા થઇ પ્રશ્ન; વાંણી તમારી લાગે ગળી, જેમ દુધમાં શાકર ભળી. ।૧૨। (૪૩૫)

પુરવછાયા. (૩૬)

સ્ત્રી કહે સુણ રાયજી, હેતે ઝાલો મુજ હાથ; મારાસમ બોલો હસી, તમે મારા છો નાથ. ।૧। આસા હતી મને મનમાં, આજે પોતા મુજ આસ; એમ વીચારી ભામની, બેસી રાયની પાસ. ।૨। કામાતુર થઇ તારૂણી, અબળા કરે ત્યાં લાડ; રાય કહે અળગા રહો, હું માનું તમારો પાડ. ।૩। સ્ત્રી વળગે છે રાયને, બોલે છે મીઠી વાણ; પણ રાય જરા ડગ્યો નહિ, જાણે એ વાતે અજાણ. ।૪। રાય કહે સુણ સુંદરી, શીદ સતાવો મુજને નાર; મારે જાવું પુષ્પ લેવા, આ ચાલ્યો નથી કાંઇ વાર. ।૫। એમ કહી ઉભો થયો, વનીતા લાગી પાય; ક્યારે રાજ તમો આવશો, હવે પેર મુજ શી થાય. ।૬। વહેલા આવજો કંથ તમો, દયાલાવીને ગુજ; વાત વિનોદ કીધો નહી, છાની કરી નહી ગુજ. ।૬। અબળા જાતની અરજી, કરણી ધરજોને ધીર; મારા સમ શાચુ કહુ, સુણો નણદીના વીર. ।૭। પાલવ પકડી હું કરગરૂં, વળી આસીષ તમને દઉં; તું જીત્યો હું હારી ગઇ, તમ વચન માથે હું લઉં. ।૮। ચીંતા તું કરીશ નહીં, જો પુરણ થાશે કામ; વળતી વેળાએ ભામની, હું આવીશ આ ગામ. ।૯। એમ કહીને રાજા ત્યાં, ચાલ્યો સળંગની વાટ; સ્ત્રી કરગરીને ત્યાં રહી, પુરી થઇ એજ વાત. ।૧૦। જે રસ્તેથી આવ્યો હતો, વળી ચાલ્યો ગુફા મોઝાર; પ્રથમ

ફરી, નીચર્યે ગુફાથી બાર; રાતે ગુફામાં ચાલીયો, ઉદયે નીનળ્યો બાહાર; રાજા બેઠો મોહોલમાં, કહું ત્યાર પછી વિસતાર. ૧૨ા (૪૪૭)

પુરવછાયા. (૩૭)

દીવસ સર્વ ચાલ્યો ગયો, થઇ કાળી ત્યાં રાત; રાજા સંતાઈ બેસીઓ, પછી મધ થઇ માઝમ રાત. ૧ા જક્ષ બેઉ ત્યાં આવીયાં, કાળીયું મૃત્યુ નામ; કુવા કાંઠે બેસીઆ, વાતો કરે તે ઠામ. ૨ા કાળીયું એમ બોલીયું, સુણતુ ચતુર સુજાણ; બેઉ આપણુ ભેગા થયા, સાંભળો શાચી વાણ. ૩ા જેવી વાત અમો કહી, એવી નવિન કહો કાંઇ વાત; અહીં માનવ કોઈ નથી, આપણુ જક્ષેની જાત. ૪ા એ વાત હું કરણે ધરૂ, પછી તમને પુછું વચન; વાત કહો રમણી ઘણી, આ ભયંકર છે વન. ૫ા મૃત્યુ કહે કાળીઆ સુણો, હું કહુ છું તમને વાત; તમારાથી અતિઘણી, રમણી કહું એક વાત. ૬ા

ચોપાઇ.

પછી મૃત્યુ બોલ્યા વાણ, સુણ કાળીઆ ચતુરસુજાણ, બેઉ જક્ષે વાતો કરે, રાય અંદરથી કરણે ધરે. ૭ા તારી વાત ટરણાંને તોલે, એમ મૃત્યુ જક્ષે બોલે; તમારા કરતાં અધિક ભુજ વાત, કહું નાગ કન્યાના વાત. ૮ા જીતનંદનીનું નહીં રૂપ, નાગ કન્યાનું અધિક રૂપ; મારી વાતમાં પ્રેમ અપાર, સુણો કહું તમને વીસતાર. ૯ા રાજા મન ઘણો અકળાય, સાંભળો

સુણું હું મહીંમાંય; કહે મૃત્યુ સુણો વાત, કડુ સગળી રાત. ૧૧૦। મૃત્યુ કહે કાળીયું સુણે, મોહોલ રાજા સુણે; પછી મૃત્યુ બોલ્યું વાણું, સુણ કાળીઆ અપુ સુજાણુ. ૧૧૧। (૪૫૭)

પુરવછાવા.

પ્રથમ ભાગ પુરો થયો, કહે કવીજનદાસ; ગાય શીખેને સાંભળે, તેનો વૈકુંઠ વીશે વાસ. ૧। અંબા કૃપા કરસો, તો પોહોંચે મનના કોડ; કરૂણા કરસો માજી તમો, તો કોઇના હેસે ખોડ. ૨। બુદ્ધી પ્રમાણે ચતુરાઇ, પાયે લાગું કરજોડ; એકવાર સઉ બોલજો, જે જે શ્રીરણછોડ. ૩। (૪૬૦)

પ્રથમ ભાગ સમાપ્ત.



સૂચના.

આ વાર્તાના ચાર ભાગ છે, હાલમાં આ ભાગ પ્રસિદ્ધ કર્યો છે, બાકીના બીજા ભાગ થોડા સમાં બહાર પડશે. પુષ્પાવળી અપછરાની વાર્તા પણ થોડા દીવસમાં છપાઇ તૈયાર થઇને બહાર પડશે.

ખલાશીયા. મગનભાઈ બેચરલાલ.

ઠે. કાળુપુર-સોદાગરની પોળ, ઘર નં. ૪૨૫૫

અમદાવાદ.